# શેરીનાટકનું લેખન

**- સરૂપ ધ્રુવ.**

**સંવેદન સાંસ્કૃતિક મંચ, અમદાવાદ.**

અન્ય સાહિત્યસ્વરૂપોની અપેક્ષાએ આમ પણ નાટક એક સામૂહિક કલા-પ્રવૃત્તિ છે, એમાં લેખક, દિગ્દર્શક, નટ, પર્દા પાછળના ફસલીઓ, સંગીતકાર, ગાયકો આદિનું પ્રદાન એકત્રિત થઇને એક કલાકૃતિનું સર્જન કરે છે, અને એમાં સૌથ વધુ અનિવાર્ય તો છે એનો પ્રેક્ષકગણ! પરંતુ શેરીનાટક તો એ સામુદાયિક કલાપ્રવૃત્તિનું આગવું ને અનોખું રૂપ છે.

શેરીનાટકની સર્જનપ્રક્રિયા આરંભબિંદુએથી સામુદાયિક ચેતનાનું પ્રતિબિંબ પાડે છે. અલબત્ત, અહીં, આ મંચ ઉપરથી એ વાત ફરીથી યાદ દેવડાવવાની જરૂર નથી કે શેરીનાટક એ માત્ર મનોરંજન કે વ્યક્તિગત સંકુલ માનવીય મનોઘટનાને મૂર્ત કરવા માટેનું કલારૂપ નથી જ નથી! અને એ પણ ચોક્કસ કે નર્યા કલારૂપ-આકૃતિ(Form)નો સ્વાદ બદલવાના ચસ્કાથી કે સંરચનાવિધાન(Composition) ના વૈવિધ્યના ધખારાથી, ફેશન પરસ્તીથી કે ‘જીવતા છીએ’-એવું દેખાડવાની જિજિવિષાથી(!) શેરીનાટક ‘અજમાવનારાઓ’ શેરીનાટક વિષે કક્કોયે જાણતા નથી! શેરીનાટક આંદોલન મૂલક કલા-પ્રવૃત્તિ છે. આંદોલનમાંથી જન્મેલું અને આંદોલનને આગળ ધપાવવામાં સહાયરૂપ થતું નાટ્યસ્વરૂપ છે. એટલે સ્વાભાવિક રીતે જ, આંદોલન સાથેની નિસબત, આંદોલનની સમજ અને આંદોલન પરની શ્રદ્ધા- એ શેરીનાટક સાથે સંકળાયેલા એકેએક રંગકર્મી માટેની પૂર્વશરતો છે- બલ્કે, હોવી જોઇએ. અને એટલે જ, આદર્શ પરિસ્થિતિ તો એ જ છે કે શેરીનાટકનો/ની લેખક, દિગ્દર્શક, નટો-નટીઓ સૌ-આંદોલન સાથે સંકવાયેલાં પ્રતિબદ્ધ રંગકર્મીઓ હોય અથવા તો પછી સમસ્યા વેઠનારાં, સહન કરનારાં ને એની સામે પ્રતિકાર કરનારાં(શ્રમજીવી, દલિતો, પીડિતો, સ્ત્રીઓ) -પોતે જ હોય! શેરીનાટક પ્રવૃત્તિનાં તમામ ભાગીદારોમાં, કદાચ નાટ્યકલાને લગતી આવડતોનો અભાવ હશે તો ચાલશે પણ પ્રતિબદ્ધતા અને નિસ્બતનો અભાવ તો હરગિઝ નહિ ચાલે!

શેરીનાટક આંદોલનને લગતો નાટ્ય પ્રકાર છે, સમસ્યા-મૂલક-રાજકીય / સામાજિક / આર્થિક સમસ્યામૂલક-નાટ્ય પ્રકાર છે અને એટલે જ કાં તો પ્રતિબદ્ધ રંગકર્મીઓનો સમૂહ, કાં તો પીડિતોનો સમૂહ અથવા તો પછી, બંને ભેગાં થઇને- એનું સર્જન કરે છે. અનિવાર્યપણે આ સામુદાયિક કલા છે, એટલે લેખક, દિગ્દર્શક, નટ-નટી અલગ-અલગ હોવાની જરૂર નથી. સમસ્યા ચર્ચાય, નાટ્યાત્મક તત્ત્વો વણી લેવાય, એમાં એ જ સમસ્યા ધરાવનાર સમુદાયને અને એ સમસ્યા પરત્વે જાગૃતિ ધરાવનાર

સમુદાયને રસ પડે, સમજ પડે અને સમસ્યા દૂર કરવાનું ઉત્તેજન મળે એવી નાટ્યયુક્તિઓ પ્રયોજાય. ગીતો, સમૂહગાન, જીવંત સંગીત, લોકનાટકનાં તત્ત્વો પણ રસનિષ્પત્તિ માટે તેમ જ અર્થવાહકતા માટે ઉપયોગી નિવડે. જે તે સ્થાન-પ્રદેશ, જનસમુદાયના લોકસંસ્કાર, બોલીના લહેકા, પરિચિત ગીતસંગીત-જેમાં લોકપ્રિય ફિલ્મી ધૂનો હોય તો પણ ચાલે- આ બધું જ બધું પેલી સમસ્યાને ઉજાગર કરવા અને સમસ્યા પ્રતિ દર્શકને જાગૃત કરવા વાપરી શકાય. અલબત્ત, આ તો થઇ આકાર-સરંચનાની વાત. પરંતુ વસ્તુ પરત્વે પણ સામુદાયિક પ્રદાન મહત્ત્વનું છે.

શેરીનાટકમાં માંડીને વાત કહેવાની હોતી નથી, એમાં 'પ્લોટ' નથી હોતો, આદિ-મધ્ય-અંતની પારંપરિક ક્રમિકતા નથી હોતી, પાત્રોની વૈયિક્તિકતા નથી હોતી પ્રસંગો પણ પ્રસંગોના સૂચન જેવાં (hint) હોય છે. પ્રશ્નો હોય છે, પીડા હોય છે અને પ્રશ્નોના ઉત્તર પણ સૂચવાતા હોય છે. એક રીતે કહીએ તો શેરીનાટક મહદ અંશે સમસ્યાનો 'Critique' રજૂ કરે છે અને જે તે સમુદાયનું Stand પણ! ઉકેલને સીધેસીધો પણ રજૂ કરી શકાય કાં તો ઉકેલનો નિર્દેશ માત્ર કરી શકાય. કેટલાક શિષ્ટ સાહિત્યની જેમ ઉકેલ માટેનો છોછ રાખવો શેરીનાટકમાં કેટલે અંશે પોસાય એ મુદ્દો ચર્ચાસ્પદ છે, છતાં આ લખનાર માને છે કે સમસ્યાઓને યથાવત્ મૂકી દેવાથી આંદોલન ભણી ગતિ ન થાય; વૈજ્ઞાનિક સમજથી ઉકેલ સૂચવવો જ જોઇએ. એમાં જ શેરીનાટકની સાર્થકતા છે, આંદોલનમાં રહેલી શ્રદ્ધા પણ ઉકેલ ઉપર જ આધારિત છે. પીડિતોની પીડાનું નાટ્યાત્મક રીતે કે રંગદર્શી રીતે, વિવિધ કલાબાજીઓ દ્વારા માત્ર પ્રદર્શન કરવું એ પીડિતોને છેહ દેવા જેવું છે, સ્થાપિત હિતોના શેષનાગને સળેકડી કરવા જેવું છે- એને તો મૂછ મરડી-ચરણ ચાંપી જગાડવો જ પડે! એટલે જ, આગળ કહ્યું તેમ- Stand લેવાનું સાહસ જ શેરીનાટકનો પ્રાણ છે.

શેરીનાટકને Agit Prop કહે છે (Agitational Propaganda) એમાં ઉશ્કેરણીજનક, ઉત્તેજક, આઘાત આપનારી સામગ્રી અને ભાષા જરૂરી છે. પણ એ કંઇ લેખકના 'કસબ'નું પરિણામ ના હોય- એ તો સમસ્યામાંથી જ જન્મેલો સમસમાટ હોય! સચોટતા, વેધકતા અને સ્પષ્ટવાદિતા શેરીનાટકનાં લક્ષણો હોવાં જોઇએ. જેણે વેઠ્યું છે અને જે એ બધું હવે ચલાવી લેવાનાં નથી- એમના ભભૂકતા પુણ્યપ્રકોપનો નાટ્યદેહ તે શેરીનાટક. વેઠી રહેલાં અને ચલાવી નહિ લેનારા સમુદાયની સામૂહિક સંવેદના-ચેતના તે શેરીનાટક. એમાં સપાટ સૂત્રો ના ચાલે, વેધક વાગ્બાણો જોઇએ. જો સૂત્રાળુ, ગદ્યાળુ, સપાટ અને પોપટિયું લાગે તો એમાં અભિગમનો દોષ હોઇ શકે, ઉષ્માની ઉણપ હોઇ શકે, નિસબતની અંચાઇ હોઇ શકે- 'કસબ'નો અભાવ નહિ!

અલબત્ત, ક્યારેક સામૂહિક ચેતનાને વ્યવસ્થિત, શિસ્તબદ્ધ કરવા એક-બે માર્ગદર્શક અથવા 'નાયક' (દોરી જનારા) ની જરૂર રહે છે, પણ એ માત્ર સંચાલન-સંયોજન કરનારા હોઇ શકે- સર્વેસર્વા

‘સર્જક’ નહિ! શેરીનાટક નીચે કોઇ એક-બેના હસ્તાક્ષર હિતાવહ નથી- એ સાર્વજનિક છે એટલા માટે જ એ સર્વજનીન પણ રહેવું જોઇએ.

શેરીનાટકની ભજવણીનો અંત આવે છે તે જ ક્ષણે પ્રેક્ષકોના ચિત્તમાં પ્રશ્નોનો આરંભ થાય છે. આદર્શ સ્થિતિમાં શેરીનાટકના પ્રત્યેક પ્રયોગ પછી પ્રેક્ષકો સાથે ચર્ચા-વાતચીત કરીને ‘સંવાદ’ સાધવાનો પ્રયત્ન થવો જોઇએ. આ પણ એના સર્જનની જ પ્રક્રિયા છે. સમસ્યા ચર્ચાય, આગળ વિચારાય, એને વિષે વેઠનારાંઓ અને જાગૃત થનારાઓનો અભિપ્રાય લેવાય અને જરૂર જણાય તો નાટકના આલેખમાં ફેરફાર પણ કરાય. શેરીનાટકકો આલેખ કદી પરિપૂર્ણ (Final) ન મનાય. એ નમનીય વિચાર પ્રવાહ છે; વહેતો રહે છે, વળાંકે વળે છે અને વિસ્તરે છે. હવે કહો, આલેખની નીચે એકાદ ‘વ્યક્તિ’ના અંગૂઠાની છાપ અહીં ચલાવી લેવાશે કે?

આમ, શેરીનાટક એના વિચારબીજ થી માંડીને, ભજવણીને અંતે થયેલી ચર્ચા સુધી- સામુદાયિક સર્જન છે. Total થિયેટર છે, Total Communication છે, માત્ર બે માર્ગી જ કેમ, બહુમાર્ગી સંવેદન વ્યાપાર છે એટલે એનું લેખન માત્ર કોરા કાગળ પર આરંભાતું નથી અને કોરા કાગળ પર પૂરું થતું નથી એક વ્યક્તિથી ઉપજતું નથી ને મુઠ્ઠીભર લોકોમાં ઝીલાતું નથી. એ પોતે પ્રશ્ન જેટલું જ સર્વવ્યાપી છે અને ઉકેલ જેટલું જ વેધક છે. એની મૂલગત સામૂહિકતા અને સમૂહ તરફની ગતિ એ જ એની સાચી ઓળખ બની રહે છે. શેરીનાટકનું લેખન એટલે રાજકીય / સામાજિક સમસ્યાનું સામૂહિક, સામુદાયિક નાટ્યાત્મક અવગાહન.

---- XXX ----